જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૯/૧૨/૨૦૧૮ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૪૫૪/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૭૪ લીટર દેશી દારૂ અને ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૧૦ કેસ કરી ૬૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૯૯,૪૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૪૫૫/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી-૯૩ મુજબ ૧૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૪૫૬/૧૮

**કાલુપુરઃ** નિમીષભાઇ વિનોદભાઇ પટેલ (રહે.સ્વરૂપી એપાર્ટમેન્ટ સી.પી.નગર સામે ઘાટલોડીયા) એ તા.૧૮/૧૨/૧૮ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને-૨૦૧૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) અરવિંદભાઇ સુથાર અને (૨) સંજયભાઇ અરવિંદભાઇ સુથાર (બંને રહે. શીતલા રોડ ઇક્વીપમેન્ટ જીઆઈડીસી-૨ દેદીયાસણ તા-જી-મહેસાણા) એ ભેગા મળી કાલુપુર કડીયાકુઇ ક્રિસ્ટલ હોટલની સામે નિમીષ બેરીંગ તથા અંકુર બેરીંગ નામની કંપનીમાંથી નિમીષભાઇ પાસેથી બોલ-બેરીંગનો માલ-સામાન કિમત રૂપિયા ૨૩,૪૫,૭૪૨/- ખરીદ કરી રૂપિયા નહી ચુકવી કે માલ સામાન પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.સોલંકી ચલાવે છે.

**ઓઢવઃ** રમેશચંદ્ર રામચંદ્ર પાંડે (રહે.ન્યુ રાધેશ્યામ સોસાયટી વિમલપાર્કની બાજુમાં રાજેન્દ્રપાર્ક રોડ ઓઢવ) એ તા.૧૮/૧૨/૧૮ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૮/૧૮ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી પાર્શ્વ રાજેશકુમાર પટેલ (રહે.ઇશ્વરકૃપા સોસાયટી ભૈરવનાથ ચાર રસ્તા મણીનગર) એ રમેશચંદ્ર પાસેથી પ્લાસ્ટીકના દાણાના બાકી નિકળતા રૂપિયા ૧૯,૫૯,૮૮૦/- નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પલાસ ચલાવે છે.

**અમરાઈવાડીઃ** જીજ્ઞેશભાઇ રાનજીભાઇ પટેલ (રહે.કામેશ્વર એલીગંસ વંદેમાતરમ પ્રાઇમ પાસે ગોતા) એ તા.૧૮/૧૨/૧૮ નારોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૯/૨૦૧૫ થી તા.૧૬/૧૦/૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન અમરાઈવાડી પોસ્ટલ આસિસ્ટન્ટ તરીકે કામ કરતા આરોપી ધર્મેન્દ્ર પ્રહલાદભાઇ વાઘેલા (રહે.પરમેશ્વરનગર ભગવતી સામે જુના રોડ) એ અમરાઇવાડી પોસ્ટ ઓફીસ ખાતેથી ગ્રાહકોના જમા કરાવેલ કુલ રૂપિયા ૧,૩૮,૯૦૦/- રજીસ્ટરમાં ખતવણી કર્યા વગર સરકારી નાણાંની ઉચાપત કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એસ.પરમાર ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૪૫૭/૧૮**

**વેજલપુરઃ** હેંમતરાવ પંડીતરાવ જાધવ (રહે.કૃષ્ણધામ એપાર્ટમેન્ટ વિવેકાનંદ પાર્ટી પ્લોટ પાસે વેજલપુર) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૧૨/૧૮ કલાક ૧૧/૪૫ થી બપોરના ૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની જાળીનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના મળી કુલ કિમત રૂપિયા ૯૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.બારૈયા ચલાવે છે.

**વાસણાઃ** અજયભાઇ ઇશ્વરભાઇ સોલંકી (રહે.મધુર ફ્લેટ એચ.પી.પેટ્રોલપંપ પાસે જીવરાજપાર્ક) એ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૧૨/૧૮ કલાક ૧૨/૦૦ થી ૧૨/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૬૬,૭૧૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.ચૌધરી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૪૫૮/૧૮**

**બાપુનગરઃ** અશોકભાઈ ડાહ્યાલાલ પટેલ (ઉ.વ.૪૯)(રહે.અમીકુંજ સોસાયટી રેવાભાઈ એસ્ટેટ રોડ સુરેલીયા એસ્ટેટ પાસે રબારી કોલોની અમરાઈવાડી) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૧૨/૧૮ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે અશોકભાઇના ભાઇ બિપીનચંદ્ર ડાહ્યાલાલ પટેલ (ઉ.વ.૬૫) ગુજરાત બોટલીંગ ચાર રસ્તા પાસે મ્યુનિસિપલ પંપીગ સ્ટેશન નજીકથી સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે લોડીંગ રિક્ષા નંબર જીજે.૦૧.ડીએક્સ.૧૫૪૩ ના ચાલકે રિક્ષા પુરઝડપે અને બેદરકારીથી ચલાવી સાયકલને ટકકર મારતા બિપીનચંદ્રને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.ડી.રાઠોડ ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટે આવી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૪૫૯/૧૮**

**જીઆઈડીસી વટવાઃ** પ્રકુલભાઇ દત્તારેયભાઇ પિતળે (ઉ.વ.૬૮) (રહે. શુભમ એપાર્ટમેંટ મણીલાલ ગાંધર ઘરડાઘર સામે વિઠ્ઠલનગર ટેકરા પાસે જીઆઇડીસી વટવા) તા.૧૮/૧૨/૧૮ સાજના ૫/૦૦ વાગ્યાના સુમારે મણીનગર વટવાની વચ્ચે ટ્રેનની અડફેટે આવી જતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે જીઆઈડીસી વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી યુ.કે.જાદવ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.